# અકબંધ આકાશ

બે-ત્રણ દિવસથી તેનું મગજ ચકરાવે ચડી ગયું'તું. એ મોં ધોઈ ફ્રેશ થવા બેઝિન પાસે ગયો, પણ સવારના પહોરમાં જ નળમાંથી પાણી આવતું ન હતું. "ખરું છે સાલ્લું." બબડી તેણે દર્પણમાં જોયું. વાળ વીખરાયેલા, દાઢી વધેલી, આંખો સહેજ સૂઝેલી. બે-ત્રણ દિવસથી ઊંઘ જ ક્યાં આવતી હતી? તેણે દર્પણમાં જોઈ જીભ બહાર કાઢી.

એ હસી પડ્યો. બાળપણમાં તાવ આવતો ત્યારે ડૉક્ટર અંકલ જીભ બહાર કાઢવાનું કહેતા. એ જીભ બહાર કાઢતો નહીં અને હસ્યા કરતો. ડૉક્ટર જેમ વધુ આગ્રહ કરે તેમ તે વધુ હસતો. તેને એમ કે ડૉક્ટર અંકલ મજાક કરે છે. છેવટે બાપા ગરમ થતા, ડોળા કાઢી પોતાની જીભ કાઢી તેમ કરવા તતડાવતા; ત્યારે મહાપરાણે તે હસતાં-હસતાં જીભ કાઢતો, પણ ડૉક્ટરના ચાળા પાડતો હોય તેમ. લાંબા સમયે સમજાયું, તાવ આવે ત્યારે ડૉક્ટર જીભ તપાસે. અદ્દલ તેવી જ રીતે સમયે સમયે ઘણી વસ્તુ તેને મોડેમોડે સમજાતી. જેમ કે, બાળપણની આ યાદે તે થોડો હળવો થયો તેનું તેને ધ્યાન હમણાં ગયું જ નહીં.

ત્યાં તેની નજર દર્પણની લીસી સપાટી ઉપર બેઠેલા મચ્છર ઉપર પડી. તે નિરાંતે બેઠો હતો. સામાન્ય રીતે પોતે શાંત જીવનો પણ ઉજાગરાના લીધે હોય કે રાતના કાન પાસે ગણગણતા મચ્છરના ત્રાસથી હોય, તેણે પાસે પડેલા નૅપ્કિનથી ઝાપટ મારી મચ્છરને મારી નાખ્યો. દર્પણ અને નૅપ્કિન ઉપર નાનકડો લોહીનો ડાઘ પડ્યો. તે જોઈ એ ચિડાઈ ઊઠ્યો. તેનું મગજ વળી પાછું ચકરાવે ચડી ગયું. બે દિવસ પહેલાં સાંભળેલા એક આઘાતજનક સમાચારથી એ અંદરથી ખળભળી ઊઠ્યો હતો.

કંટાળીને વિચારોથી છૂટવા તેણે કમ્પ્યૂટર ચાલુ કર્યું. દરરોજ એ મેઇલ બૉક્સ ખાસ જોતો. ઘણી વાર તેમાં આવતા મિત્રોના મેઇલથી એ ખુશ થઈ ઊઠતો.

ક્યારેક કેટલીક વેબસાઇટ પરથી મળતા સરસ વિચારો કે પ્રસંગો તેને ગમતા. તેણે Inbox ખોલ્યું. એ ખૂલતાં જ તેની નજર એક મેઇલ ઉપર પડી, તે સમીરનો હતો.

સમીર તેનો કૉલેજકાળનો દોસ્ત. બંને તે સમયે સાથે ખૂબ ફર્યા હતા. દર વેકેશનમાં રખડવા નીકળી પડતા. ક્યારેક જંગલ, ક્યારેક પહાડો, ક્યારેક નદી કે દરિયાકિનારે ઘૂમી વળતા. છેલ્લે રણમાં જવાનું નક્કી કર્યું હતું અને સમીરને અચાનક પરદેશ જવાનું ગોઠવાયું. રણમાં સાથે રખડવા ના જઈ શક્યાનો વસવસો બંનેને જાણે રણનો અનુભવ કરાવતો રહ્યો, પણ બંનેની એક પ્રવૃત્તિએ તેમને ખૂબ નજીક લાવી દીધા હતા. દર શિયાળાની કડકડતી ઠંડીમાં બંને ફૂટપાથ ઉપર સૂતેલા ગરીબોને ધાબળા ઓઢાડતા અને એક બિસ્કિટના પૅકેટ સાથે પચાસ રૂપિયાની નોટ મૂકતા. આખા વર્ષનો થાક તે દિવસે ઊતરી જતો. બંને જાણે આવો ઘણો સમય સાથે મળીને માણ્યો હતો. સમીરનો મેઇલ ખૂલે ના ખૂલે ત્યાં સુધીમાં પાછો તે પેલા વિચારના ચકરાવામાં ચકરાવા લાગ્યો.

બે દિવસથી ઊંઘના અભાવે બગાસાં આવતાં હતાં. ઊંઘ ન આવવાનું કારણ એક ભયંકર સમાચાર હતા. એ સમાચારથી તેનું મન ખેદાનમેદાન થઈ ગયું હતું. મગજ બહેર મારી ગયું'તું. એ માઠા સમાચારે તેનામાં બેચેનીનું પૂર આણ્યું'તું. સમાચાર માત્ર એટલા જ હતા કે મયંકના બાપુજી મનોહરકાકાએ ટ્રેન આગળ પડતું મૂકી આત્મહત્યા કરી હતી. તેને એક પ્રશ્ન વારેઘડીએ થયા કરતો હતો. મનોહરકાકાને આ પગલું ભરવું પડ્યું તેનું કારણ પોતે નથી ને? એ વિચારે તેના મનમાં અડ્ડો જમાવી દીધો હતો. તેમાંથી છૂટવા તેણે સમીરનો મેઇલ વાંચવો શરૂ કર્યો. મેઇલની શરૂઆતમાં જ એક પ્રસંગ ટાંકેલો હતો;

એક સંતને તેના શિષ્યે ગરમ ચાનો કપ આપ્યો, પણ ચાના કપ ઉપર ઢાંકણ ઢાંક્યું ન હતું. સંત કશાક કામમાં પરોવાયેલા હતા એટલે તેમણે ઇશારો કરી શિષ્યને કપ ઉપર ઢાંકણ ઢાંકવા કહ્યું. શિષ્યને ઢાંકણ ઢાંકવામાં વિલંબ થયો, તે જોઈ સંત તેની પર ગુસ્સે થઈ ગયા. શિષ્યે વરાળ નીકળતા ચાના કપ ઉપર ઢાંકણ ઢાંકતાં ગુરુને નમ્રતાથી ગુસ્સે થવાનું કારણ પૂછ્યું. ગુરુએ કહ્યું :

"બેટા ગરમ ચામાંથી નીકળતી વરાળથી હવામાં રહેલા અનેક સૂક્ષ્મ જીવાણુઓ મૃત્યુ પામતા જોઈ, એ હિંસા ટાળવા હું અધીરો થઈ ગયો હતો." શિષ્ય ગુરુની અહિંસાવૃત્તિ જોઈ ગદ્‌ગદ થઈ ઊઠ્યો, પણ એક પ્રશ્ન પૂછી બેઠો :

"ગુરુજી, તમારી અહિંસાપ્રીતિથી હું પ્રભાવિત થયો છું, પરંતુ તમે મારી ઉપર જે ગુસ્સો કર્યો, તેનાથી મારું મન દુભાયું છે, તેનું શું? તે શું હિંસા નથી?"

ગુરુ વિચારમાં પડી ગયા. થોડી વારે તેમની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. આ પ્રસંગ ટાંકી સમીરે પ્રશ્ન પૂછ્યો હતો – આપણે આપણા હિંસા અને અહિંસાના ખ્યાલોની ફેરવિચારણા કરવા જેવી નથી શું? અકારણ કે કારણસર આપણે અનેક વ્યક્તિઓ સાથે બેરહેમીથી વર્તીએ છીએ તે માટે સભાન થવું જોઈએ કે નહીં? વળી જાત પર જુલમ કરીએ તે પણ શું એક હિંસા નથી?

"આ પણ ખરું છે." એ સમીરનો મેઇલ નીચે સ્ક્રોલ કરતાં બબડ્યો. વળી વળીને મન મનોહરકાકાની આત્મહત્યા તરફ વળતું હતું.

વાત એમ હતી કે તેમનો એકનો એક દીકરો મયંક, એક કાળનો તેનો મિત્ર હતો. જે આજે તેનો દેવાદાર હતો. થોડા સમય પહેલાં મયંકે તેની જોડેથી દસેક દિવસ માટે હાથઉછીના એક લાખ માગ્યા હતા. મિત્રને મદદરૂપ થવાના ઉદ્દેશથી આપ્યા તો ખરા પણ પૈસા પાછા આવ્યા જ નહીં. મયંકને મળવાના ઘણા પ્રયત્નોની નિષ્ફળતા પછી એ મનોહરકાકાને મળવા ગયો. મનોહરકાકાએ કોઈ સહાનુભૂતિ દર્શાવી તો નહીં પણ ઉપરથી રોકડું પરખાવ્યું, "પૈસા નથી, થાય એ કરી લેવું." ગુસ્સાથી ધમધમતો એ ખાલી હાથે પાછો આવ્યો તો ખરો પણ બીજા જ દિવસે ચેક રિટર્નનો નિયમ 138 અનુસાર કેસ કરી દીધો.

એકના એક વિચારથી તે અકળાઈ ગયો હતો એટલે તેણે તરત સમીરનો મેઇલ પાછો વાંચવાનો શરૂ કર્યો. પ્રસંગ પછી નોંધ હતી –

તને ત્રણેક મહિના પહેલાં એક લાખ મોકલ્યા હતા. તેનો ઉપયોગ દર વર્ષ મુજબ કરજે, પરંતુ આ વખતે શહેરનાં બધાંય બસ-સ્ટૅન્ડમાં અને એસટી-સ્ટૅન્ડમાં રાત ગાળતા લોકો તરફ ખાસ ધ્યાન આપજે. જે પૈસા વધે તે દર વખતની જેમ વૃદ્ધાશ્રમમાં આપી દેજે. કામ પત્યે જાણ કરજે.

સમીરનો મેઇલ વાંચી એ પાછો ગમગનીમાં ડૂબી ગયો. શિયાળો આવતાં પહેલાં પડી રહેલા પૈસા તો મયંકને મદદ કરવા હાથઉછીના આપેલા. એ વધુ ને વધુ દુઃખી થયો, ત્યાં તેની નજર કમ્પ્યૂટર સ્ક્રીન ઉપર આંટો મારતી માખી ઉપર પડી. તેણે હળવેથી ટેબલ પર પડેલા છાપાથી માખી ઉડાડી. માખી ઉડાડતાં અચાનક તેને બા યાદ આવી ગઈ. એ નાનો હતો ત્યારે ઘરમાં વીજળી ન હતી. વરસાદના બફારાના દિવસોમાં માખીઓનો ભારે ત્રાસ. તે જમતો હોય, ભણતો હોય કે સૂતો હોય ત્યારે બા પૂંઠાથી સતત પવન નાખતી. તે સવારે ઊઠી બાનો હાથ દબાવતો અને મા બચીઓથી નવરાવી દેતી. બા યાદ આવે એટલે તેની યાદ બેરોક ચાલી

આવતી. ઘડીભરમાં મનોહરકાકાની આખી ઘટના ભુલાઈ ગઈ. બાળપણનો એક પ્રસંગ, જે સાવ જ ભુલાઈ ગયેલો તે એકાએક જીવતો થઈ ઊઠ્યો.

એ નાનો હતો ત્યારે બધાં ગામડે રહેતાં હતાં. સાંજના સમયે એક વાર બા ચૂલા માટે લાકડાં ફાડતી હતી. પોતે પાસે રમતો હતો. એક લાકડાના પોલાણમાં સંતાયેલા વીંછીએ અચાનક બહાર નીકળી બાના પગે ડંખ માર્યો. બા ચીસ પાડી ઊઠી. બાએ લાકડાની એક સરકડી લઈ હળવેથી વીંછીને પાસેની વાડમાં ધકેલી દીધો. તેના મનમાં ફડક પેસી ગઈ. અજાણ્યા ભયથી ફફડી ઊઠ્યો. બા ઘરમાં ગઈ. ડંખ ઉપર હળદરનો લેપ કર્યો. ગોખલામાં ભગવાનના ફોટા સામે દીવો કર્યો. પછી બહાર આવી જાણે કશું ન થયું હોય તેમ કામે વળગી. એ થોડો મોટો થયો ત્યારે બાને આ અંગે પૂછેલું. બાએ ત્યારે કરેલી વાત અત્યારે સમય જોઈને જાણે યાદ આવી.

"બેટા, ડર જ ઝેર ચડાવે. ડર્યા વગર જે કામ કરતાં હોઈએ તે કામ કરતાં રહીએ તો ચિંતા નહીં. તે દિવસે વીંછીના ડંખની ચિંતા વગર કુદરતને ખોળે માથું ટેકવેલું. જેણે સર્જન કર્યું છે, તે ચિંતા કરશે એમ માની હું કામે વળગી'તી."

બાની યાદથી તેને સારું લાગ્યું. બાને આમ તો ગુજરી ગયે વર્ષો થયાં હતાં, પણ જ્યારે યાદ આવતી ત્યારે ગમે તેવી પરિસ્થિતિમાં હળવાશ અનુભવતો. જાણે આ ક્ષણે પણ બા તેની જોડે જ છે તેવું લાગવા માંડ્યું. મયંક તરફનો રોષ એકાએક ઓછો થઈ ગયો. પોતાની ઉપરની ખીજ પણ ઘટી ગઈ. બાની વાતોએ હવે તેના મનમાં જગ્યા ઊભી કરી. એક વાર બાએ કહેલું :

"તારા બાપુજી બહુ બહાદુર હતા. કશાથી ડરે નહીં. એક દિવસ મારી સામે બડાશ મારવા પીળી મધમાખી પકડી. મધમાખીએ ડંખ માર્યો. એમણે ઊંહકાર સુધ્ધાં કર્યો નહીં, પણ મને પૂછી બેઠા, જોયું તમારી કુદરતનો આવો ન્યાય? મેં ક્યાં મધમાખીને મારવા પકડી હતી?" ત્યારે હસતાં-હસતાં મેં એમ જ કહેલું :

"આપણાં ન્યાયનાં કાટલાં ખોટાં, કુદરત કરે તે જ સાચો ન્યાય. એમાં માથું મારવું નહીં. આપણે કોણ ન્યાય તોળનારાં?"

વળી પાછો મયંકનો મેઇલ યાદ આવ્યો. શિયાળો નજીક આવતો હતો અને ધાબળા ખરીદવા જવાનું હતું. પૈસા આવે તેવી કોઈ શક્યતા ન હતી. હજુ મન વધુ રવાડે ચડે ત્યાં પાછો બાનો એક પ્રસંગ યાદ આવી ગયો.

એક દિવસ તેને ભણતો જોઈ બા પૂછી બેઠેલી :

"આટલું બધું શું ભણે છે? કંઈ મનેય સમજાવ ને?"

ત્યારે તે ફિઝિક્સ વાંચતો હતો. તેણે બાને થર્મોડાયનૅમિક્સનો એક નિયમ વાંચી સંભળાવ્યો.

– શક્તિનું સર્જન-વિસર્જન શક્ય નથી. માત્ર એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર થાય છે.

બા વિસ્મયથી સાંભળી રહી. ખાસ્સો મોટો થયો ત્યારે એકાએક તેને ખબર પડી. આવી વાત તો બા બાળપણમાં કહેતી જ હતી ને? એક પ્રસંગે બાને તેણે પૂછેલું :

"આ તારા કેમ ખરે છે? આકાશ ખાલી તો નહીં થઈ જાય ને?"

બાએ તેને પાસે ખેંચી વહાલથી સમજાવેલું :

"બેટા, એક તારો ખરે એવો જ બીજો તારો ઊગી જાય. જો પેલો ખર્યો... અને બીજો એક તેજસ્વી તારો બતાવી કહે જો પેલો ઊગી ગયો..."

પણ એથી બીજી વાત બની. જેમ બા યાદ આવતી ગઈ તેમ મયંક અને મનોહરકાકા સાથે કરેલો પોતાનો વ્યવહાર વધુ ને વધુ ઘાતકી ને કઠોર લાગતો ગયો. કારણ કે છેલ્લે પૈસા પાછા ન મળવાથી કંટાળીને રીતસર મયંકના ઘરે ઉઘરાણી માટે માથાભારે માણસોનેય મોકલેલા અને જેમ-જેમ ડિસેમ્બર નજીક આવતો ગયો તેમ-તેમ તે વધુ ને વધુ ઝનૂને ચડેલો. ત્યાં એક ખબરે તેને ગેલમાં લાવી દીધો. મયંકની બહેનની સગાઈનો દિવસ તેની જાણમાં આવી ગયો. મનોહરકાકાને ખુલ્લંખુલ્લા કહી દીધું :

"અઠવાડિયામાં પૈસા પાછા ના મળ્યા તો તમારા પ્રસંગમાં ભવાડો કરીશ. બધાની હાજરીમાં ઘેર આવી ધમાલ કરીશ."

તીર બરાબર વાગ્યું, પણ મયંકના ધંધાની મસમોટી ખોટ આગળ મનોહરકાકા લાચાર હતા. મનોહરકાકા ગળગળા થઈ ગયા હતા. એ વડીલ હાથ જોડી પગે લાગી બોલ્યા :

"તુંય મારા દીકરા જેવો જ છે ને! તારી બહેનના પ્રસંગમાં આવું કરીશ?"

"એક વાર નહીં, સત્તર વાર. પૈસા આપવા નથી અને બીજાને શિખામણ આપો છો?"

પણ મયંકની બહેનનો સગાઈનો દિવસ આવે તે પહેલાં મનોહરકાકાએ ટ્રેનના પાટા ઉપર પડતું મૂક્યું. તેણે મનથી સમાધાન કરેલું કે મયંક ઉપર તો કરોડોનું

દેવું થઈ ગયું'તું એટલે મનોહરકાકાએ... પણ તેણે કરેલા વર્તનથી તે જ ડઘાઈ ગયો હતો.

તેણે કમ્પ્યૂટર બંધ કર્યું. ઊભો થયો. ઘરમાં ખાંખાંખોળા કરી જૂનો ફોટો શોધી કાઢ્યો. ટેબલ પર મૂક્યો. ક્યાંય સુધી જોઈ રહ્યો. પોતે સામાન્ય નોકરીમાં, અતિ સામાન્ય જીવન જીવતો હતો. હજુ તો કમ્પ્યૂટરની લોનના હપ્તાય બાકી હતા. બાના ફોટાને લીધે હોય કે ઘણા મનોમંથનથી હોય, તેણે સમીરને અથથી ઇતિ વાતનો મેઇલ કરવાનું નક્કી કર્યું. તે વિચારમુક્ત થયો. બારી બહાર નજર ઠેરવીને બેસી રહ્યો. અચાનક તેની આંખ મીંચાઈ ગઈ.

તેને ઊંઘમાં લાગ્યા કર્યું અમાસની રાતમાં આખું આકાશ તારાઓથી ખીચોખીચ ભરેલું હતું. આકાશ, હાથ ઊંચો કરીએ ને અડી જવાય તેવું ઝળૂંબેલું. એક તારો ખર્યો. ભુલાઈ ગયેલી એક વાત યાદ આવી ગઈ. બા કહેતી :

"ખરતો તારો જોતાં જ મનમાં જે ધારી લઈએ તે થઈ જાય."

તેણે એ પળે શિયાળાની અંધારી રાતે એક ખૂણામાં સૂતેલા માણસ ઉપર ધાબળો ઓઢાડતો પોતાને કલ્પ્યો. દૂરદૂર આકાશમાં અનેક તેજસ્વી તારાઓ ચમકી રહ્યા હતા. તારો ખર્યો પછીયે જાણે આકાશમાં તારાઓ અકબંધ હતા અને તે બધાય, તેમનું બધુંય વહાલ જાણે તેની ઉપર ઢોળી રહ્યા હતા.

■

# અધૂરી શોધ

સાચું કહું? અત્યાર સુધી મંદિર કરતાં હેરકટિંગ સલૂનમાં વધુ ગયો છું. મંદિરમાં વારતહેવારે ઘરડા બાપુજીને લઈ જવાનું થાય, પણ હેરકટિંગ સલૂનમાં તો એમના અને મારા વાળ કપાવવા દર માસે અચૂક જવું જ પડે. એમને સહેજ વાળ વધે, એકાદ સે.મી. તોય ગમે નહીં. તે કાયમ ટૂંકા અને તેલ નાખેલા વ્યવસ્થિત વાળ રાખે. એમની શિસ્ત અને સુઘડતા મારામાં હંમેશાં તાજગી અને ઉત્સાહ ટકાવી રાખતી.

આ કારણસર હોય કે પછી આજ્ઞાંકિત પુત્રને નાતે હોય, હંમેશાં મારા મનમાં રહ્યા કરે, બાપુજીને વાળ કપાવવાનો સમય થઈ ગયો નથી ને? માનો ને, હું કાયમ તે પળની રાહમાં રહેતો. ક્યારેક તે કહે, “ભઈ, જરા નવરા હો તો મારે વાળ કપાવવા છે.” આમ કહીને એ પોતાનો કરચલીવાળો હાથ માથા ઉપર ફેરવે અને થોડા મોટા સફેદ વાળ પકડીને બતાવે. હું પણ જાણે તે ઘડીની રાહ જોતો હોઉં તેમ બધું જ કામ એક બાજુ મૂકી એમને ગાડીમાં બેસાડી વાળંદને ત્યાં લઈ જાઉં ને એમના વાળ કપાયા પછી મારા વાળ પણ કપાવી લઉં. આ દરમિયાન અમારા એ કાયમી વાળંદની નાનકડી કૅબિનમાં બેસી તેની વાતો સાંભળવાની. વાતો પાછી ખૂબ રસપ્રદ. એક બાજુ તેની કેંચીનો કટ... કટ... કટ... કટ... અવાજ ને વચ્ચે-વચ્ચે તેનો ઘોઘરો અવાજ. ક્યારેક રેડિયો વાગતો હોય તો ક્યારેક ટેપરેકર્ડર. જાણે તેની નાનકડી કૅબિનમાં બધું ગતિશીલ ધમધમતું. પાછી તેની કૅબિન પણ રસ્તાના મુખ્ય ચાર રસ્તા ઉપર, એટલે તેમાં ટ્રાફિકનો ઘોંઘાટ પણ ઉમેરાતો. પણ આ બધાં વચ્ચે તેનું વાળ કાપવામાં રહેતું ધ્યાન દાદ માગી લે તેવું. પાછો તેમાંય તેનો હાથ હળવો. જાણે પીંછું ફરે! બાકી આખી કૅબિનમાં ખાસ્સી ધૂળ. ક્યાંક રંગ ઊખડેલી પોપડીઓ અને બે ઝાંખા-પાંખા આયના.

અમારા એ વાળંદનું નામ જીવણલાલ, તેમનો જીવ પણ કંઈ જુદી માટીનો.

હું બાપુજીને લઈને જાઉં એટલી વાર પગ કેબિનમાં મૂકતાં જ બોલે, “સાહેબ, તમે દાદાની સેવા જબરી કરો છો. આનાથી મોટું એકેય પુન નહીં હોં. દાદાના વાળ એવા કાપી આપું કે ખુશ થઈ જાય.” તે ખભા ઉપરના ગંદા નૅપ્કિનથી ખુરશી ઝાપટે, બરોબર ગોઠવે. બાપુજીનો હાથ પકડી પ્રેમથી બેસાડે ને પાછું ચલાવે, “સાહેબ, મારા બાપાના વાળ પણ હું કાપતો, પણ મારા બાપા એમના જમાનામાં મહારાજા દિલાવરસિંહજીના વાળ કાપતા.” પાછો તે ખોંખારો ખાય, ગળફો બહાર થૂંકવા જાય ને પાછા આવી બાપુજીના માથામાં સ્પ્રે કરતાં કહે, “મહારાજા દિલાવરસિંહજી હંમેશાં બધાને કહેતાં, મરી જાતાં પહેલાં હજામત તો જોઈતારામ જોડે કરાવીશ. મારા બાપુજીનું નામ જોઈતારામ હોં કે સાહેબ!”

આમ જુઓ તો એ નાનકડી કેબિનમાં જીવણલાલનું જબરું સામ્રાજ્ય. ભલે ભાંગીતૂટી દુકાન પણ જીવણલાલ દરિયાદિલ માણસ. જૂની જર્જરિત કેબિનમાં બે જૂની ખુરશી. કાઉન્ટર પણ પ્લાયવુડ ઊખડેલું. ખુરશી પાછળ વધારાના ગ્રાહક માટે બેસવાની પાટ. છતમાં જૂનો પંખો. એક દીવાલે માતાજીનો ને બીજી દીવાલે હીરોઇનનો ફોટો. આખો પરિવેશ એવો કે આખી દુકાન ગુજરીમાંથી લઈ આવ્યા હોય તેવી લાગે. એક ખૂણામાં પેપરની પસ્તી. એક કબાટ નીચે થોડાં ખાનાં. જીવણલાલની એક ટેવ કહો તો ટેવ કે કુટેવ કહો તો કુટેવ. તે વાત કરતાં-કરતાં, વાળ કાપતાં-કાપતાં, ઘડીક સામેનું કબાટ તો ઘડીક ડ્રૉઅર કે થોડી-થોડી વારે પાટ નીચેનું શટર ખોલે. કંઈક જુએ ને પાછું બંધ કરે. પહેલાં મને થતું ત્યાં કોઈ વસ્તુ મૂકવા-લેવા આમ કરતા હશે, પરંતુ પછીથી મને ખ્યાલ આવ્યો કે તેમને ખાંખાંખોળા કરવાની ટેવ હતી.

એક દિવસ આમ જ બાપુજીને લઈ હું દુકાને ગયો. દુકાન ખુલ્લી હતી, તે ન હતા. બાજુમાં ઊભો રહેતો લારીવાળો પગથિયે બેઠો હતો. અમને જોતાં જ કહે, “સાહેબ, અંદર બેસો, જીવણલાલ થોડી વારમાં આવતા જ હશે.” અમે ખાસ્સી રાહ જોઈ પણ તે આવ્યા નહીં. મેં પેલા ફેરિયાને જીવણલાલ વિશે પૂછ્યું તો કહે, “હૉસ્પિટલ ગયા છે.”

“કોઈ બીમાર છે?”

તે આશ્ચર્યથી કહે, “ના સાહેબ ના, આજ બુધવાર નહીં?”

“હા છે. તેનું શું?”

“જીવણલાલ દર બુધવારે બે-ત્રણ કલાક હૉસ્પિટલમાં દરદીઓની હજામત કરવા જાય છે, મફતમાં.” કહી તે અમારી સામે જોઈ રહ્યો. બાપુજી કહે, “વાહ,

જીવણલાલને શાબાશી આપવી પડશે.” ખાસ્સી રાહ જોઈ. અંતે તે આવ્યા. આવતાં જ માફી માગતાં જ કામે વળગ્યા, પહેલાં બાપુજીના વાળ કાપ્યા ને પછી મારી દાઢી શરૂ કરી. જીવણલાલ બ્રશ પલાળતાં બોલ્યા, “સાહેબ, મારા બાપાનો વટ હતો વટ.”

“એમ?”

સામે દર્પણમાં હું જીવણલાલનો ચહેરો જોઈ રહ્યો. સફાચટ દાઢી, ડાઈ કરેલા વાળ અને મૂછ. ચપોચપ ઓળેલા વાળ. ઝાંખી પડેલી ચશ્માંની ફ્રેમમાં ચમકતી આંખો. જીવણલાલે બ્લેડ શોધવા ડ્રૉઅર ખોલ્યું. ડ્રૉઅરમાં બધું અસ્તવ્યસ્ત. રોડ ઉપરની ધૂળ પણ અંદર આરામ કરવા બેસી ગઈ હતી. જીવણલાલે બ્લેડને વચ્ચેથી તોડી અડધી અસ્ત્રામાં ભરાવી, અડધી વધી તે દર્પણની અને ભીંતની વચ્ચે દબાવીને મૂકી. પછી પગને ખુરશીના એક પાયા ઉપર ટેકવીને અસ્ત્રો ચહેરા પાસે લાવતાં બોલ્યા, “સાહેબ, મહારાજા દિલાવરસિંહજીના મારા બાપાની ઉપર ચાર હાથ. મહારાજા દરિયાદિલના. મરતાં પહેલાં મારા બાપાને બોલાવી ત્રણ અમૂલ્ય રત્નો ભેટ આપ્યાં હતાં. મારા સિવાય બાપાએ કોઈને કહ્યું ન હતું.” મને રસ પડ્યો ને થયું દાઢી જલદી પતાવે નહીં તો સારું. પછી એક લાંબી ચુપકીદી તોડતાં મેં પૂછ્યું, “જીવણલાલ, તો પછી તમે તેનું શું કર્યું? એરકન્ડિશન્ડ હેરકટિંગ સલૂન કરી નાખો ને?” એ થોથવાયા, “સાહેબ તકદીર જોઈએ ને?” બાપાએ ત્રણે રત્નો એક મજૂસના ચોરખાનામાં સંતાડી રાખેલાં. મને જગ્યા બતાવેલી ને કહ્યું હતું, “કોઈને કહેતો નહીં ને કદી આ રત્નો વેચતો નહીં. આ તો મહારાજસાહેબે આપેલો પ્રેમ છે. આપણો ગર્વ છે ગર્વ. આપણે તો વાળ કાપવાના, દાઢી-મૂછ કરતાં-કરતાં સમાજની સેવા કરવાની સેવા. મહારાજાએ જે આપ્યું છે, તેનાથી દસ ગણું આપણે સમાજને પાછું આપવાનું. દીકરા આપણું જીવન સુધરી ગયું. રત્નો સાચવીને રાખજે. તેને કદી વેચતો નહીં.” મેં કહ્યું, “જીવણલાલ, ક્યારેક કોઈ ઝવેરીને બતાવી તેની કિંમત તો કરાવો.” એક નિસાસો નાખીને બોલ્યા, “સાહેબ, વાત એમ નથી. તકદીર જોઈએ તકદીર. જુઓ ને, આ દુકાન મળી ને અહીં આવ્યા. દીકરાને તમારા જેવા એક સાહેબે સારી નોકરીએ લગાડી દીધો. તેને મારો ધંધો નથી કરવો. સાહેબ, અમારાં નસીબ જ આકરાં! પંદર વર્ષ પહેલાં અમે જે ગામમાં રહેતાં હતાં તેની બાજુમાં ડેમ ફાટ્યો. મસમોટું પૂર આવ્યું. જોતજોતામાં આખું ગામ ને લોકો તણાવા લાગ્યાં. અમે ગામના એક પાકા મોટા મકાનમાં અગાસી ઉપર ચડી ગયા અને અમારી નજર સામે જ આખેઆખું મારું ઘર તણાઈ ગયું. આંખ સામે જ પેલી મજૂસ તણાઈ ગઈ. સ્વજન તણાયું હોય તેટલું દુઃખ થયેલું, પણ શું

થાય?" તેમણે ગળું ખંખેર્યું ને ભારે અવાજે બોલ્યા, "સાહેબ, બાપાને લીધે કદીયે રત્નો વેચ્યાં નહીં." કહીને તે ચૂપ થઈ ગયા. પાછા સ્વગત બોલ્યા, "પછી પાંચ-પાંચ ગાઉ તપાસ કરી હતી. કેટકેટલા દિવસો શોધ્યે રાખ્યું. આસપાસ-ગામસીમ તસે-તસુ ખૂંદી વળ્યા. પેલી મજૂસ ન જ મળી. દુઃખ તો અમારા ગર્વની સાબિતી ન રહી તેનું હતું." મેં સહાનુભૂતિમાં કહ્યું, "જીવણલાલ, તમારા જીવનમાં જબરું થયું નહીં?" તેમણે મારી દાઢી પૂરી કરતાં કહ્યું, "પણ સાહેબ, પૂરમાં બધું તણાઈ ગયું એટલે અસરગ્રસ્તોની યાદીમાં મારું નામ. એટલે અહીં આ દુકાન મળેલી. ત્યારે આ રસ્તો બહુ વેરાન હતો. જોતજોતામાં શહેર વધ્યું ને દુકાન મોકાની થઈ ગઈ. દીકરાને બહુ સમજાવ્યો પણ નથી માનતો."

કૅબિનની નાનકડી બારીની બહાર ઊડી જતા એક પક્ષી તરફ તે જોઈ રહ્યા અને બોલ્યા, "એ રત્નો ખોળવા ખૂબ મહેનત કરી. દોરાધાગા ને ભૂવા કર્યા. જ્યોતિષીને બતાવ્યું, પણ ન જ મળ્યાં. આટઆટલાં વર્ષ પછી હજુય એ રત્નો ખોળું છું. દુઃખ તો મારા બાપાની મહેનતનો પુરાવો જતો રહ્યો તેનું છે. શું બાપાનો વટ હતો! ને શું મહારાજાનું દિલ! એ સમય ગયો હવે સાહેબ." કહી તેણે હળવેથી ટેપરેકર્ડર ચાલુ કર્યું. તેમને પૈસા આપવા પાકીટ ખોલતાં મેં પૂછ્યું, "બહુ કીમતી રત્નો હશે?" 'બાપાએ કહેલું એટલે હશે. મેં જોયાં પણ ન હતાં. એ મજૂસના ચોરખાનામાં હતાં. બાપાએ ખોલવાની મનાઈ કરી હતી. એ તો બાપાની ઇજ્જતનો પુરાવો હતો. તેમાં શું શંકા?" હું તેમની વિષાદવાળી આંખોમાં જોઈ રહ્યો. ગામડેથી આવ્યે કદાચ તેમને દસેક વર્ષ થયાં હશે. ભાષા સુધરી પણ જાણે ભાવ એ જ રહ્યો. સો ટકા સાચો. બાપુજીને લઈ ઘેર જવા નીકળ્યો.

કારમાં બાપુજીએ વાત કાઢી. કહે, તેમના સમયમાં વાળંદનો ખાસ રોલ. સારા-ખરાબ બંને પ્રસંગે તેમની હાજરી અનિવાર્ય. એટલું જ નહીં, અનાજ ખેતરેથી આવે ત્યારે પહેલાં એનો ભાગ પડે. કારમાંથી ઊતરતાં પાછા બોલ્યા, "અમારા સમયમાં માણસ સમાજ જોડેથી જેટલું લેતો તેનાથી વધુ આપતો. એ સમય ગયો તે ગયો." કહી આંગણામાં ઊગેલા લીમડા સામે અનિમેષ જોઈ રહ્યા. જાણે ક્યાંક ખોવાઈ ગયા. મારે રીતસર એમને કહેવું પડ્યું, "ચાલો ઘરમાં." એમની ગમગીની હું જોઈ શકતો હતો.

કોણ જાણે કેમ, બસ તે જ દિવસથી એ ઉદાસ રહેવા લાગ્યા. આમ પણ અગાઉ બે એટૅક આવી ગયેલા એટલે શરીર ખાસ્સું લેવાઈ ગયેલું. સામાન્ય રીતે એ ખુશમિજાજી અને બધાંમાં ખૂબ રસ લેતા. એકાએક એમણે બધાંની જોડે

પહેલાંની જેમ બોલવા-ચાલવાનું બંધ કર્યું અને જ્યારે વાતો કરતા ત્યારે માત્ર એમના ભૂતકાળના જીવનની વાતો કરતા. ખેતરની, ખેતીની, એમના બાપાની, શૈશવની ને યુવાનીની વાતો વાગોળતા. એમના ચહેરા ઉપર મોટે ભાગે ઉદાસીનતા છવાયેલી રહેતી. શરીર પણ ઘસાતું જતું હતું. એમનું આવું અળગાપણું સહન ન થતાં મેં એક દિવસ તો આગ્રહપૂર્વક પૂછ્યું,

"બાપુજી, તબિયત સારી છે ને?"

"હા, બિલકુલ સારી છે."

"કોઈ કંઈ બોલ્યું છે?"

"ના, જરાય નહીં."

"કોઈ ઘેરી ચિંતા છે?"

"ના, સહેજ પણ નહીં."

મારાથી રહેવાયું નહીં અને જરા ઊંચા અવાજે બોલી જવાયું, "તો પછી તકલીફ શું છે, તે કહો ને! રાત-દિવસ સૂનમૂન બેસી રહો છો, તેનું અમારે સમજવું શું? અમને કેવું લાગે?" એમણે ધીરેથી કહ્યું, "તે દિવસે છેલ્લે વાળ કપાવવા ગયા ત્યારે જીવણલાલે જે વાતો કરી ત્યારથી મને મારા બાપા યાદ આવે છે. એ જૂના સમયની વાતો મનમાંથી ખસતી નથી. ખાસ તો હું નાનો હતો અને મારા બાપા કેવું મને વહાલ કરતા તે યાદ આવ્યા કરે છે. બપોરનો સમય હોય, બાપા સાથે હું પણ ખેતરે હોઉં. ખેતરમાં એક મીઠો કૂવો. તેની પાળે મોટી રાયણ. તેની નીચે હું રમતો હોઉં. બાપા તનતોડ મહેનત કરતાં-કરતાં થાકીને રાયણ નીચે આવે કે તરત જ હું પાણી લઈને જતો. તે ઘટક... ઘટક... પી જતા. તે અવાજ મારા કાનમાંથી ખસતો નથી, પણ એ મારો વાંસો પસવારતા અને કહેતા, "બેટા, બધું ભૂલી જજે પણ ધરતીનું ઋણ ન ભૂલતો. તે છે તો બધું છે. આ માટી જ સાચું જીવન છે. તેને પ્રેમ કરતો રહેજે. ક્યારેય જીવનમાં દુઃખ નહીં પડે." કહી બાપુજીએ ઊંડો શ્વાસ લીધો. પછી સ્વગત બોલ્યા, જીવનમાં છેલ્લા શ્વાસેય મને ખાટલા પાસે બેસાડી હાથમાં મારો હાથ લઈ એમણે કહ્યું હતું, "બેટા, માટીથી જગતમાં બીજું કશુંય મોટું નથી. ઝાડને પ્રેમ કરતો રહેજે, જીવન છાંયડા જેવું લાગશે, ખેતર ભર્યુંભર્યું રહેશે. બસ મારા મનમાંથી એ વાત જતી જ નથી. "એ ખેતરમાં તો હવે મોટી-મોટી ફૅક્ટરીઓ લાગી ગઈ છે. એ બધાંય વૃક્ષો કપાઈ ગયાં છે. ભર્યુંભર્યું લીલુંછમ ખેતર તો હવે સ્વપ્નમાંય નથી આવતું." કહી એમણે

એક દુ:ખભર્યું સ્મિત વેર્યું. ધીરે-ધીરે બાપુજીનું શરીર લથડતું ગયું. એક દિવસ આઇ.સી.યુ.માં દાખલ કરવા પડ્યા.

હૉસ્પિટલમાં ત્રણ-ચાર દિવસ રહ્યા હશે. સુક્કા વૃક્ષની ચોફેર સુક્કી ડાળીઓ લટકતી હોય તેમ તે વાયર ને ટોટીઓથી ઘેરાયેલા હતા. એમણે મને દાઢી બતાવી હજામત કરવા સૂચવ્યું. મોંમાં નળી હોવાથી બોલી શકાતું ન હતું. હૉસ્પિટલમાં વાળંદની સગવડ હતી. તરત એક વાળંદ આવ્યો, તેને જોતાં જ બાપુજીએ ના પાડી. મને પાસે આવવા ઇશારો કર્યો. મારો હાથ માગ્યો. હાથ પકડી મારી હથેળીમાં તેમણે ધ્રૂજતા હાથે મહાપ્રયત્ને લખ્યું, 'જીવણ.' મેં પૂછ્યું, "જીવણ?" એમણે હા પાડી દાઢી બતાવી. તાત્કાલિક જીવણલાલને બોલાવ્યા. દાઢી કરવાનું શરૂ કરે ત્યાં નર્સોએ બૂમાબૂમ કરી મૂકી, "ઊભા રહો, ઊભા રહો." તેમનો અસ્ત્રો ડિસઇન્ફેક્શટન્ટથી સાફ કર્યો. હાથ ઉપર પ્લાસ્ટિકના ગ્લોઝ પહેરાવ્યા, ત્યારે તે બબડ્યા અને ગુસ્સામાં બોલ્યા, "આ અસ્ત્રો લોકોની સેવા કરવા છે, મારવા માટે નથી." જીવણલાલે દાઢી પૂરી કરી ત્યારે બાપુજીના ચહેરા ઉપર આનંદની એક સરસ લહેર ફરકી ગઈ. બાપુજીને પગે લાગી જીવણલાલ હજી આઇ.સી.યુ. છોડે તે પહેલાં બાપુજીને જોડેલાં અનેક મોનિટરના ઍલાર્મ શરૂ થઈ ગયાં. નર્સો દોડાદોડ કરવા લાગી. ડૉક્ટરો ઝડપભેર કામે વળગ્યા. બાપુજીએ ઇશારાથી મને પાસે બોલાવ્યો. હું પાસે ગયો. એમણે ખૂબ મુશ્કેલીથી મારો હાથ એમના હાથમાં લીધો. ફિક્કા પડી ગયેલા અને સોજાથી ફૂલી ગયેલા હાથમાં એકેય રેખા દેખાતી ન હતી. જાણે કોઈ અજ્ઞાતનો હાથ! મારી હથેળી ઉપર ધ્રૂજતા હાથે કશુંક લખવાનો પ્રયત્ન કર્યો. હું કશું સમજું ન સમજું તે પહેલાં નિષ્પ્રાણ બની એમનો હાથ મારા હાથમાં પડી રહ્યો.

તે ક્ષણથી આ ક્ષણ સુધી એ શબ્દ કયો હતો તે ઉકેલવા મથી રહ્યો છું. અદલ જીવણલાલનાં રત્નોની જેમ!

■

# એક અજાણ્યો આંચકો

એક મહિના પછી ગઈ કાલ રાતે જ સનાતન રાહત કામગીરીના કામમાંથી પાછો ફરેલો. સવારના પહોરમાં વહેલા નાહીધોઈને તૈયાર થયો. કદી નહીં ને પહેલી વાર ચા પીવાની ના પાડી એટલે ઘરનાં બધાં ગૂંચવાયાં. દરરોજની એની રાડારાડ નહીં, કશી ધમાલ નહીં, બે-ત્રણ વાર ચા પીનેય સંતોષ ન પામતા સનાતનનું આ વર્તન જોઈ ઘરનાં સૌ અચંબામાં પડી ગયાં. એટલું ઓછું હોય એમ, કદી આરતીની આશકા ન લેતા સનાતને બાને હળવેથી કહ્યું : “માડી, આરતી પત્યે આશકા આપજે ને.” આ સાંભળી બાના હાથમાંથી દીવી પડતાં-પડતાં માંડ બચી.

દરરોજ સવારમાં સનાતનનો નર્યો તાપ ભભૂકતો. કામવાળા, ફેરિયા અને જે જે નજરે ચડે સૌને વઢવાનો જાણે એનો જન્મસિદ્ધ હક. એ કડક એવો કે રોફ હંમેશાં એનામાં ફૂંફાડા મારતો હોય. ઘર માત્ર નહીં આખી ઑફિસ એનાથી ધ્રૂજતી હતી. હતો તો માત્ર ક્લાર્ક પણ ડિરેક્ટર જેવો મિજાજ રાખતો. બધા એનાથી દૂર જ રહેતા અને જેમ-જેમ દૂર રહેતા તેમ-તેમ એના તાપનું તાપમાન વધતું. એટલે જ્યારે એચ.ઓ.થી આદેશ આવ્યો કે એક વ્યક્તિને રાહત કામગીરી માટે મોકલો ત્યારે સનાતનનું નામ સજારૂપે મૂકી દેવામાં આવ્યું.

આજે પહેલી વખત સનાતને પત્ની પાસે ચકલાને નાખવા દાણા માગ્યા. જાણે કોઈ ચોરે ગળા પર છરી મૂકી હોય અને ઘરેણાં માગ્યાં હોય ને જેવો ગભરાટ થાય એમ પત્ની હાંફળીફાંફળી થઈ ગઈ. દાણા લઈ સનાતન ચબૂતરા પાસે ગયો ને દાણા નાખતાં-નાખતાં રાહત કામગીરીના પહેલા દિવસમાં ખોવાઈ ગયો.

એ દિવસનો આખો માહોલ જ ભયંકર હતો. જ્યાં નજર પડે ત્યાં ઢગલો થઈ ગયેલાં ઘર હતાં અને ચારેતરફથી વિચિત્ર ગંધ આવતી હતી. સનાતન ડિરેક્ટરને ગાળો ભાંડતો કામે વળગ્યો. એને પહેલું કામ અનાજ વહેંચવાનું સોંપવામાં આવેલું. કૅમ્પ સામે જ લોકોની લાઇન લાગેલી. જરા ગુસ્સામાં અને અણગમાથી એણે

પહેલા માણસના વાડકામાં અનાજ નાખ્યું. એ જેવું અનાજ મળ્યું એવો જ બાજુના ચોગાનમાં દોડ્યો. સનાતન તેને જરાથી આશ્ચર્યથી જોઈ રહ્યો, પેલો કેમ દોડ્યો હશે? પેલા માણસે પોતાને મળેલા અનાજમાંથી અડધેઅડધું અનાજ પંખીઓ માટે વેરી દીધું. તેણે એક તીણી સિસોટી મારી ને એકાએક પંખીઓનું એક ટોળું ચણ પર તૂટી પડ્યું. પેલો ખુશ થઈ ગયો ને બોલ્યો : “લો બાપ લો. આ તમારા ભાગનું શે. કેટલા દિવસે મળ્યું. અમે તો બે-ચાર દન ખાધા વના કાઢી નાખીશું. અમારાં છોરાં તો બધાં શાંત થઈ ગયાં શે. બાપા તમારાને ભૂખ્યા ના મારો.” સનાતન અંદરથી વળ ખોઈ ગયો. અડધો દિવસ અનાજ વહેંચવામાં ગયો. સાંજ થતાં સુધીમાં સનાતન અંદરથી નખાઈ ગયો. દિવસ પૂરો થતાંથતાંમાં ક્યારે એની આંખો ભીની થઈ ગઈ એની સરત જ ના રહી.

સનાતન ઘણા સમયે પોતાના નાના કમ્પાઉન્ડના હીંચકા પર બેઠો. નિરાંતે આસપાસના ફૂલછોડ પર નજર નાખી. આટલાં બધાં ફૂલો એના નાના કમ્પાઉન્ડમાં હતાં એનું પહેલી જ વાર ભાન થયું. બા આરતી લઈ આવ્યાં. તેણે ઊભા થઈ બેય હાથે આરતી લીધી ને માથે ચડાવી. બાનો ઘણા સમયે પ્રેમથી ચહેરો જોયો. માનું મોં મલક્યું. આરતી લેતાં એને એક સાંજની પેલી અજબ આરતી યાદ આવી ગઈ.

એમનો કૅમ્પ એક ગામના પાદરે તૂટેલા મંદિરના ચોગાનમાં હતો. પહેલા દિવસની ઠંડીગાર અને ઉદાસીન સાંજના સમયે એ સૂનમૂન બેસી રહ્યો'તો. ટેન્ટ બહાર એક તૂટેલી ખુરશીમાં બેઠાં-બેઠાં એ ચોગાનમાં તૂટીને પડેલા મંદિરના મોટા કળશને જોઈ રહ્યો. ચારેકોર પડેલી મંદિરની તિરાડો જાણે એને તાકી રહી હતી. મૃત પૂજારીનો દીકરો ગોરધન ગર્ભગૃહ તરફ નજર કરીને બે-ત્રણ દિવસો ઓટલા પર જ બેસી રહેલો. જે સ્તંભ નીચે પૂજારી ચગદાઈ ગયેલા એના પથ્થરોના વેરવિખેર ટુકડાઓને જોઈ રહેતો. તો થોડી વાર ગામના ભેંકાર રસ્તા ભણી જોઈ રહેતો. મોટા આંચકા પછી ભૈરવદાદા અપૂજ રહેલા એનો રંજ પણ એના ચહેરા પર ટપકતો હતો.

અજવાળું ઝાંખું થતું હતું, ત્યાં સનાતનની નજર ભાંગેલા દરવાજામાંથી આવતા એક ઓળા પર પડી. ઊંચું કદાવર હાડ, ગંદો લઘરવઘર પહેરવેશ, ઝાંખરા જેવા વાળ, વધેલી દાઢી જાણે કાટમાળમાંથી ઊભો થયેલો જ એક આકાર. એના કપાળ પર, બેય હથેળી અને બેઉ પગમાં સફેદ બૅન્ડેજ બાંધેલા. આથમતા સૂરજ અને સફેદ બૅન્ડેજ વચ્ચે ઊપસી આવેલા લાલ ડાઘમાં – બેયમાં જાણે એક વેદના ટપકતી હતી.

એને જોતાં જ ગોરધનમાં જીવ આવ્યો. એકાએક બોલ્યો : “આવ હસન આવ. આ સનાતનભાઈ તારા ટેન્ટ માટે કંઈ વેત કરી આપશે.” હસન ગોરધન જોડે મંદિરના ઓટલા પર બેઠો. એનો દેખાવ જાણે સાક્ષાત્ ઈસુ જેવો લાગતો હતો. એણે ચકળવકળ નજરે આસપાસ જોયું. ખોવાયેલો-ખોવાયેલો ઘડીક બેસી રહ્યો. અચાનક ઊભો થયો. ચોગાનમાંથી ક્યાંકથી ઝાડુ ખોળી લાવ્યો. મંદિરનો ઓટલો વાળવા લાગ્યો એને જોઈ ગોરધનની આંખ ભીની થઈ ગઈ. રડમસ અવાજે બોલ્યો : “હસન રેવા દે. હવે આ ભૈરવદાદાની સેવા કરવાનો શો અરથ. કેટલા બધા લોકો કારણ વગર શાંત થૈ ગ્યા.”

હસન કશું બોલ્યો નહીં. ચૂપચાપ એ ગર્ભગૃહની અંદર સાફસૂફી કરી લંગડાતો-લંગડાતો બહાર આવ્યો અને મોટેથી બોલ્યો : “ગોરધન લે હેંડ ઊઠ, આરતી કરવાનો ટેમ થૈ ગ્યો શે.” ગોરધન પૂતળાની જેમ ઊભો રહ્યો. એ હસનને તાકી રહ્યો ને મનોમન બબડ્યો “ક્યોંક એનું ચસકી તો નથી ગયું ને? મા આંચકામાં શાંત થઈ ગૈ, દીકરો ગફૂર નેશાળની છત પડી તો એની નીચે શાંત થૈ ગ્યો ને ઘરવારીતો ગફૂરના જનમ વખતે ક્યારનીય શાંત થૈ ગઈ’તી તોય…”

હસન સાફસૂફી કરતાં-કરતાં પાછો બોલ્યો : “જે થવાનું’તું તે થૈ ગ્યું. ભૈરવદાદાને અપૂજ નો રખાય. પૂજારીનો જીવ દુભાય.” કહેતોક એ થાળી-ઘંટ લઈ આવ્યો. ગોરધન નાછૂટકે આરતીની તૈયારીમાં લાગી પડ્યો.

સનાતન તૂટેલી ખુરશીમાં બેઠો-બેઠો આ બેયને જીવનમાં પહેલી વાર કોઈના તરફ અનુકંપાથી જોઈ રહ્યો. થોડી વારમાં હસને ઘંટ વગાડી લગભગ ખંડેર થઈ ગયેલું મંદિર ગજવી મૂક્યું. ગર્ભગૃહમાં ગોરધને આરતી પ્રગટાવી. આરતી શરૂ થઈ એના પડઘાથી ભાંગેલા ગામના ઉદાસ પાદરમાં કેટલાય દિવસે એકાએક જીવ આવ્યો. સનાતન મને-કમને ગર્ભગૃહની સામે ઘંટ વગાડતા હસનની જોડે જઈ ઊભો. ત્યાં અચાનક ત્રણેક કૂતરાં ધસી આવ્યાં અને એમની જોડે આવી ઊભાં રહ્યાં. સનાતન જરા ગભરાયો એ જોઈ ઘંટ વગાડતાં જોરથી બરાડ્યો. “આ તો ભૈરવદાદાના ભગત શે. આરતી ટાણે રોજ આવે. પત્યે પ્રસાદ લૈ જતા રેશે.” સનાતનના મનમાં એ સાંજ કાયમ માટે જડાઈ ગઈ. તેણે જોયું કે કૂતરાં મૂર્તિ તરફ મોં ઊંચું કરી કંઈક જુદા અવાજ કાઢવા માંડ્યાં. અંદર ગોરધન મોટા અવાજે ગાતો, બહાર પેલાં કૂતરાંઓ જાણે ભૈરવદાદાની સ્તુતિ કરતાં ને એ બે ઘંટના અવાજથી પોતાના અંદર-બહારના બધાય જખમો ભૂલવા હસન બધી તાકાતથી ઘંટ વગાડતો હતો. કોઈ અજબ સપનાની જેમ સનાતન આ બધું જોઈ રહ્યો.